દિવ્ય ભાસ્કર

Vapi 21 January, 2020

# રાજચંદ્ર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના યુવકોએ મુંબઈ મેરેથોનમાં ભાગ લીધો

## લવ એન્ડ કેર'ની વેશભૂષા અત્યંત આકર્ષણ જમાવ્યું




ભાસ્કર ન્યૂઝ | ધરમપુર

શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરના સંસ્થાપક ગુરૂદેવ રાકેશભાઈ સંસ્થાપિત 'શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર'ના બેનર હેઠળ 'Light up Someone's Life' ના સંદેશ સાથે 1500 સમર્થકોએ વિશ્વની સૌથી મોટી મેરેથોન પૈકી મુંબઈ મેરેથોન-2020માં અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ટાટા મેરેથોનમાં ધરમપુર સ્થિત 'શ્રીમદ્ રાજચંદ્ર સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ'માં તાલીમ પામી સ્વનિર્ભર બનેલા યુવા સંદીપભાઈ કુંવર, હિરેનભાઈ ગાંવિત અને તેમના ટ્રેનર ધરમવીર પ્રજાપતિ સહિત લાભાર્થી યુવાનો જોડાઈ અન્યોને પ્રેરણા માટે આગળ આવ્યા હતા. આ મેરેથોનમાં 'શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર'ની વેશભૂષા અત્યંત આકર્ષક હતી. 'Light up Someone's Life' ના સંદેશ સાથે આ વેશભૂષાની મધ્યમાં 'શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર' ના પ્રતીકરૂપ પાવરહાઉસ હતું. જેમાંથી પ્રકાશ લઈ અનેક સેવાકાર્યો ચાલી રહ્યા છે. જેના દ્વારા અનેક બલ્બ પ્રકાશિત થયા છે એટલે કે - જરૂરિયાતમંદ જીવન પ્રકાશિત થયા છે.